# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/402 Dt. 15/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા એપ્લિકેશન ઓફ લો ઓફ કર્મા ઓન હેલ્થ વિષે સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આકાર પ્રાણિક હીલિંગ સેન્ટરના સહયોગથી મંગળવાર, તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'એપ્લિકેશન ઓફ લો ઓફ કર્મા ઓન હેલ્થ' વિષય પર સેશન યોજાયું હતું.

આ સેશનમાં નિષ્ણાંત વકતા તરીકે પ્રખ્યાત લેખક અને પ્રાણિક હીલિંગ ઇન્સ્ટ્રકટર શ્રી ગૌતમ સુરાણાએ લો ઓફ કર્માના સિદ્ધાંતો અને તેના આરોગ્ય પર પડતા પ્રભાવ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વ્યક્તિના વિચારો, ભાવનાઓ અને ક્રિયાઓનો સીધો સંબંધ તેના શારીરિક અને માનસિક આરોગ્ય સાથે જોડાયેલો છે.

વકતા તરીકે ડાયાબિટીસ અને હાર્ટ ડિસિઝના નિષ્ણાત ડો. હિરેન પટેલે આધુનિક જીવનશૈલી અને તણાવને કારણે ઊભી થતી આરોગ્યની સમસ્યાઓ અંગે સમજણ આપી હતી. તેમણે સકારાત્મક વિચારસરણી અને જીવનશૈલીમાં ફેરફાર દ્વારા સ્વસ્થ જીવન જીવવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

વકતા તરીકે પ્રાણિક હીલિંગ ઇન્સ્ટ્રકટર અને એનર્જી હીલર સુશ્રી સુરભી સુરાણાએ એનર્જી હીલિંગ અને પ્રાણિક હીલિંગના માધ્યમથી આરોગ્ય સુધારવાના ઉપાયો અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, શરીરમાં ઊર્જાના સંતુલન દ્વારા ઘણી બિમારીઓમાં રાહત મેળવી શકાય છે.

ચેમ્બરની સ્પિરિચ્યુઅલ અવેકનિંગ કમિટીના ચેરમેન શ્રી સંદીપકુમાર ડોબારિયાએ સ્વાગત સંબોધન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોતરી સત્ર યોજાયું હતું, જેમાં ઉપસ્થિત લોકોએ પોતાના પ્રશ્નો પૂછીને નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.